એણે સ્થાપેલા ઘરાનાનો આશ્રય લઈને સંગીતની ઉપાસના કરે છે; પણ સાચો શિષ્ય તો એ કહેવાય કે જે ગુરુપરંપરાનું પોતાનામાં અવતરણ કરવા છતાં, તેનું નિષ્પ્રાણ અનુકરણ કરતો નથી. આવો પ્રત્યેક નૂતન ગાયક, સમર્થ ગુરુનો શિષ્ય હોવા છતાં, પોતાનું વિશિષ્ટ વ્યકિતત્વ ધરાવે છે અને જયાં સુધી તેની નિજી અનુભૂતિના કેન્દ્ર સમા પોતાના જ આત્મામાંથી એ પોતાના સર્જન દ્વારા કશુંક નવું કહેવું છે, તે કહેતો નથી, ત્યાં સુધી તેની સાધના અને વિદ્યા બંને કૃતાર્થ થતી નથી. બીજી બધી કળાની જેમ અનુકરણ એટલે મરણ એ સંગીતકલામાં પણ સાચું જ છે; તેથી ગુરુપરંપરાએ ઘૂંટાવેલી શૈલીને અતિક્રમીને એ પોતાની વિશિષ્ટતા એમાં પ્રસ્થાપિત નથી કરતો, ત્યાં સુધી એનું સંગીત ગુરુએ આપેલ સંગીતનાં બહિર અંગોનું જ ઉચ્ચારણ બની રહે છે; અને તેનામાં નિજી પ્રતિભાનું બીજ પાંગરતું નથી. કોઈ પણ ઘરાનાના પ્રત્યેક શિષ્યે ધ્યાન રાખવાનું હોય છે કે પં. ઓમકારનાથજી એક જ થઈ શકે છે; ખાં સાહેબ અબ્દુલ કરીમખાન પણ એક જ થાય છે; બધા થઈ શકતા નથી; તેથી જ ગુરુએ શિષ્યમાં રહેલો મૌલિક પ્રતિભાનો તણખો પ્રજજવલિત કરવાનો હોય છે. 'જયારથી મેં સંગીતશિક્ષણ હાથમાં લીધું ત્યારથી આ શિક્ષણની દૃષ્ટિ મેં સ્વીકારેલી છે અને તેનાં મધુર ફળો મને પ્રાપ્ત થયાં છે', એમણે આ પ્રશ્નનો ઉપસંહાર કરતાં આ અનુભવ-વચનો કહ્યાં.

સંગીતના બે પ્રકારો-માર્ગીય સંગીત અને સુગમ સંગીતની ફિલસૂફી વિષે ચર્ચા નીકળતાં તેમણે કહ્યું કે : 'સુગમ સંગીત એ દ્વૈતભાવ કે અનેકત્વનું સંગીત છે. તેમાં ગાયક શ્રોતા સમક્ષ અભિમુખ બને છે અને તેની ગ્રહણશકિતને લક્ષમાં રાખીને જ ગાનનું સર્જન કરે છે; પરંતુ માર્ગીય સંગીતની દૃષ્ટિ જુદી જ છે. 'માર્ગ' શબ્દનો ભારતીય તત્ત્વજ્ઞાનની પરિભાષામાં ખાસ અર્થ છે. તેનો ઉચ્ચાર કરતાં ભારતીય અધ્યાત્મ સાધનાના ત્રણ માર્ગો દૃષ્ટિ સમક્ષ ખડા થાય છે-ભકિતમાર્ગ જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગ. શાસ્ત્રીય સંગીતનું અવલંબન લઈને જયારે ભકિતમાર્ગીય ગાયક તેના ઈષ્ટદેવતાનું આરાધન કરે છે, ત્યારે તે ભકત અને ભગવાન વચ્ચેની સ્વરગોષ્ઠિ બની જાય છે. આવા સંગીતના શાસ્ત્રપૂત સ્વરો દ્વારા ભકત પોતાના પ્રભુના ચરણોને સૂરની પાંખ દ્વારા સ્પર્શવા મથે છે અને છેવટે સ્વરનું વિમાન તેને સાયુજય ના વિતાનમાં મૂકી દે છે, ત્યારે તેને સંતૃપ્તિ વળે છે. જ્ઞાનમાર્ગ એ અહંકાર અને મનના નાશનો માર્ગ છે. આત્મામાં અને સવર્ત્ર વિરાજતા એવા પરબ્રહ્મની જ ઉપાસના એમાં કરવાની હોય છે અને ઉપાસક અને ઉપાસ્ય વચ્ચેની તેમાં એકતા સાધવાની હોય છે.-બલ્કે બંને વચ્ચેનું અંતર ભૂંસી નાખીને અંતે બ્રહ્માનુભૂતિની સૃષ્ટિ સિદ્ધ કરવાની હોય છે. તેમણે કહ્યું કે જયારે આવી તત્ત્વપરંપરાનો શિષ્ય મારી પાસે આવે છે, ત્યારે તેનું ગાન આખરે આત્માનો ઉદ્‌ગાર બની રહે એટલા માટે મારા ગુરુએ આપેલી અહંકારનાશનું ઉદ્‌બોધન કરતી ચીજથી એનું શિક્ષણ શરુ થાય એમ કરું છું ; કારણ કે માર્ગીય સંગીતની જે પરાકાષ્ઠા તેણે સિદ્ધ કરવાની હોય છે, તે આવી ચીજોનાં રાગબદ્ધ રટણ, સ્મરણ અને ગાયન દ્વારા જ થઈ શકે છે અને પછી તે પોતાની શકિત, સૂઝ અને તત્વાનુભૂતિ અનુસાર પોતાના આત્માનું સંગીત સરજે છે : એમાં વાસના કે ઊર્મિનો સ્થૂળ સંસ્પર્શ હોતો નથી; પરંતુ આત્માનુભૂતિના અમૃતમય માર્ગ તરફ જવાનો અને ક્રમે ક્રમે તેને સિદ્ધ કરવાનો નિત્ય પ્રયત્ન રહે છે. ત્રીજો માર્ગ તે કર્મમાર્ગ. આ માર્ગને અનુલક્ષીને સંગીતકારનો પ્રથમ ધર્મ રિયાઝ અને આખરી ધર્મ આત્મખોજનો જ બની જાય છે. માર્ગીય સંગીતમાં ગાયક કેવળ કલાકાર નથી રહેતો, પરંતુ સાધક પણ બની જાય છે;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેથી તેનું સંગીત કેવળ સ્વરનું ગણિત ન રહેતાં સાધકના આત્માનો પવિત્ર ઉદ્ગાર પણ બની જાય છે. 'શાસ્ત્રીય' સંગીતને માર્ગીય સંગીત શા માટે કહેવાય છે, તેનો કંઈક અંશે ઉત્તર આ ચર્ચામાં સમાયેલો છે.; તે તેમણે એમની વિશિષ્ટ છટાથી આ વાતની ચર્ચા સમેટતાં ઉમેર્યું.

હિન્દુસ્તાની સંગીતની વાત નીકળતાં તેમણે કહ્યું કે ભારતીય સંગીતનું પ્રથમ સ્વરૂપ તો ધ્રુપદ ગાયકી જ કહી શકાય. એક રીતે એ સમૂહગાન હતું; પરંતુ ક્રમે ક્રમે મુગલ યુગમાં તાનસેન આદિ નવનવોન્મેષશાલી ગાયકોના પ્રભાવે ખ્યાલ ગાયકી અસ્તિત્વમાં આવી, અને તેની સાથે નૂતન બંદીશો અને રાગરાગિણીઓનું વૈયિકતક સ્વરૂપ વિકાસ પામ્યું. મુગલ દરબારમાં સંગીત દાખલ થયું અને સૂરવિહાર તેનું આગવું લક્ષણ મનાવા લાગ્યું. ત્યારે માર્ગીય સંગીત સભાલક્ષી બન્યું અને શ્રોતાઓને દૃષ્ટિ સમક્ષ રાખીને તેનો વિકાસ થવા લાગ્યો. મનુષ્યજીવનના સ્થૂળ ભાવો પણ તેમાં ઉમેરાયા અને મુગલ શાહજાદાઓ અને ગુણીજનોના મનોરંજન અર્થે તેનો ઉપયોગ થવા લાગ્યો. અત્યારની પરિભાષા વાપરવી હોય તો એ રીતે એ 'બિનસાંપ્રદાયિક' બન્યું; છતાં શાસ્ત્રીય સંગીતના સીમાડાનો તેણે ત્યાગ કર્યો નહી. સ્થૂળ ઉપભોગના આ વિલાસપ્રચુર યુગમાંય સ્વામી હરિદાસજી જેવા માર્ગીય સંગીતના સન્નિષ્ઠ અને શુચિ ઉપાસકે તેનો આત્મા જાળવી રાખ્યો અને આપણું માર્ગીય સંગીત એ રીતે સ્થૂળ અભિનિવેશમાંથી બચી ગયું. આ યુગ દરમિયાન કૃષ્ણજીવનનું અવલંબન લઈને તેમજ સૂફીભાવને અનુલક્ષીને સંગીતની ચીજો રચાઇ અને બંનેમાં રહેલ વિશિષ્ટ સાધર્મ્યને લઇને સ્થૂળ ભાવોની આરાધના આખરે સૂક્ષ્મની અનુભૂતિમાં પલટાઇ ગઇ અને 'ઇશ્કે મિજાઝી'નો ગાયક અંતે 'ઇશ્કે હકીકી'ના ગાનમાં તલ્લીન થઇને આત્માનુભૂતિને પામ્યો.

સંગીતનું શિક્ષણ આપતી જુદી જુદી યુનિવર્સિટીઓ વિષે પ્રશ્ન ઉપસ્થિત થતાં તેમણે કહ્યું કે બહુ જ થોડી યુનિવર્સિટીઓ એ કાર્ય કરી રહેલ છે, એ આપણા દેશનું અને સંસ્કૃતિનું દુર્ભાગ્ય કહેવાય.

વડોદરાની યુનિવર્સિટીમાં તો અનુસ્નાતક કક્ષા સુધી સંગીતનું શિક્ષણ અપાય જ છે. દક્ષિણની સુવિખ્યાત અનામલાઇ યુનિવર્સિટીમાં પણ તે સદ્ભાગ્યે ચાલે છે. દિલ્હી યુનિવર્સિટીએ તે કાર્ય શરૂ કર્યું છે અને મુંબઇમાં તે કેવી રીતે નિયોજવું તેનો વિચાર ચાલે છે. સ્વ. પંડિત ઓમકારનાથજી ઠાકુર સમા સંગીતમાર્તંડ વિદ્વાન ગાયકે કાશી હિન્દુ વિદ્યાપીઠમાં સારું એવું કાર્ય કર્યું અને પૂર્વમાં કલકત્તામાં 'રવીન્દ્ર ભારતી' દ્વારા રવીન્દ્ર સંગીતનું શિક્ષણ ચાલે છે. સંગીતકલાનાં ઉત્થાન અને સંશોધનના આ સમયમાં ભારતીય સંગીત વિષે ભિન્ન ભિન્ન મંતવ્યો પ્રવર્તે ચર્ચા, ઊહાપોહ અને વિરોધાભાસી દૃષ્ટિબિંદુઓ રજૂ થાય એ સ્વાભાવિક છે તેથી ગભરાવાની જરૂર નથી. એતો જાગ્રત થતા કલાજીવનની જીવતી જાગતી નિશાનીઓ છે. એથી ઊલટું સંગીતના જુદા જુદા ક્ષેત્રોમાં કાર્ય કરતી વ્યકિતઓએ ઉદારતા જ કેળવવી રહી. છેક સામગાનથી માંડીને સ્તોત્રો, પદો, ભજનો, લોકગીતો, લોકઢાળો, નૃત્યગીતો, અભંગો, પવાડાઓ, પ્રભાતિયાં, ગઝલ, ઠુમરી, ટપ્પા, ધ્રુપદ અને ખ્યાલ ગાયકીમાં દક્ષિણનું કર્ણાટક સંગીત ઉમેરીએ, એટલા બૃહદ્ અને વૈવિધ્યપૂર્ણ વિસ્તારમાં આપણું લોકસંગીત અને માર્ગીય સંગીત પથરાયેલું છે અને સ્થળ, કાળ, સંસ્કૃતિ, ધર્મ, સમાજ અને સાધનાની કક્ષા અનુસાર એનાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એટલાં બધાં વિપુલ સ્વરૂપો અને શૈલીઓ ઉત્પન્ન થયાં છે કે તેમાં બહુ જડત્વપૂર્વક વિચાર કરવો એ ઉચિત ન ગણાય. છતાં એક વાત અવશ્ય સ્મરણમાં રાખવાની છે કે પ્રત્યેક ભારતીય કલા માણસની આધ્યાત્મિક સાધના સાથે તાલ મિલાવે છે અને તે અનુસાર સંગીતકારની સાધના જેટલી તીવ્ર તેટલી તેની સંગીતની ફલશ્રુતિ ઉત્તમ, જીવનના સારતત્ત્વનું તેનું અવગાહન જેટલું ઊંડુ તેટલી તેની કલાનું ઊંડાણ વધારે: ને એની સાધનાનો વ્યાપ જેટલો વિશ્વસ્પર્શી, તેટલાં તેના ગાનમાં વ્યાપકતા અને સભરતા સવિશેષ. માનવ વ્યક્તિત્વ હંમેશા જ્ઞાતમાંથી અજ્ઞાત તરફ, સ્થૂળમાંથી સૂક્ષ્મ તરફ અને શરીરભાવમાંથી દિવ્યત્વ તરફ ક્રમશ: ગતિ કરે છે અને તેના વિકાસ સાથે જ કલાનાં સ્વરૂપ અને આત્માનો પણ વિકાસ થયાં જ કરે છે. તેને લઇને જ આપણાં લોકસંગીતમાં છેક સાદા ભાવોથી આત્મસાક્ષાત્કાર સુધીના સંકુલ અને સૂક્ષ્મ ભાવો અનેક સ્વરૂપે, અનેક શૈલીમાં વ્યકત થયેલા છે. તેથી બેશક સંગીતના લોકભોગ્ય પ્રકારો આપણે સ્વીકારીએ., પરંતુ તેની પરાકાષ્ઠા તો આપણને શાસ્ત્રપૂત અને સાધનાસિદ્ધ માર્ગીય સંગીતમાં જ મળશે; તે વાત આજના 'સુગમ-યુગ'માં વિસરવા જેવી નથી.

સંગીતનું માધ્યમ સ્વર છે; એને શબ્દ સાથે નિસ્બત ન હોવી જોઇએ એવી વાત કાઢતાં તેમણે કહ્યું : 'આ વાત વાદનકલા માટે સાચી છે, પરંતુ ગાયનકલા માટે બરાબર નથી. ભારતીય સંગીતની અનેક ચીજો શબ્દબદ્ધ થઇને તરેહ તરેહની બંદીશમાં સચવાઇ રહી છે; એટલે શબ્દનો સંગીતમાંથી છેદ ઉડાડી શકીશું નહી. જે વ્યવહાર્ય છે, તેની સાથે તાત્ત્વિકનો મેળ મળવો.જોઇએ. ગીતમાં ગૂંથાયેલા ભાવને પામવા શબ્દનું અવલંબન ભારતીય સંગીતમાં જરૂરનું છે. ઘણી વાર એક જ શબ્દને, શબ્દગુચ્છને કે શબ્દ-ચરણને ભિન્ન ભિન્ન સ્વરોની શય્યામાં રમાડી ગાયક અર્થ અને ભાવ ઉભયનું સમૃદ્ધ વૈવિધ્ય ઉત્પન્ન કરે છે અને ગીતની અભિવ્યક્તિમાં સમૃદ્ધિ અને વિસ્તૃતિ લાવે છે. જો શબ્દ ન હોત તો તેમ થઇ શકત નહી; કારણ કે સ્વર તો આખરે મોઘમ ભાવોનો સૂચક છે- સ્પષ્ટ અર્થ ધ્વનિ ઉત્પન્ન કરી શકતો નથી. સાચો સંગીતકાર પહેલાં શબ્દના અર્થ દ્વારા સ્ફૂટ થતો ભાવ સ્વર દ્વારા ઘૂંટે છે અને એ ભાવ સ્વરારૂઢ થઇ જાય, પછી શબ્દનું અવલંબન છોડી દે છે. હિન્દુસ્તાની સંગીતમાં શબ્દ અને સ્વરનું અર્ધનારી નરેશ્વરનું રૂપ છે એ વ્યાજબી જ છે, પરંતુ ગીતના વિસ્તાર સાથે શબ્દ કરતાં સ્વરોની માત્રા વધી જાય છે અને તાન, આલાપ, ગમક, મીડ અને તરાના સુધી સ્વરની સૃષ્ટિનો અભિનય પથરાઇ રહે છે.'

હિન્દુસ્તાની અને પશ્ચિમના સંગીતની સરખામણી કરતાં તેમણે એક સરસ દૃષ્ટાંત આપ્યું. વડોદરા યુનિવર્સિટીની સંગીતકોલેજના સુપ્રસિદ્ધ તબલાવાદક શ્રી સકસેના થોડા વખત ઉપર સાંસ્કૃતિક પ્રતિનિધિ તરીકે રશિયા ગયા હતા, ત્યારે ત્યાંના વાદ્યવૃન્દ-નિયામકે, તેમનું વૃન્દવાદ્ય-સંગીત સાંભળવાને તેમને નોતર્યા. આ વાદ્યવૃન્દ મંડળીમા સેંકડો સંગીતકારો એક નિયત અને સ્વરલિપિબદ્ધ પુરાણી ચીજને વગાડી રહ્યા હતા. તેનું શ્રવણ ચાલતુ હતુ તે દરમિયાન શ્રી સકસેનાને એક રશિયન મિત્રે પૂછયું : 'તમારા સંગીતમાં અને અમારા સંગીતમાં મૂલગત ભેદ શો છે ?' શ્રી સકસેનાએ તેના ઉત્તરમાં તે રશિયન મિત્રને ઉત્તર આપ્યો તે ઘણો જ સૂચક છે. શ્રી સકસેનાએ આ [illegible] ઉત્તરમાં કેટલાક

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વળતા પ્રશ્નો પૂછ્યા અને તેના ઉત્તરોમાં જ ભારતીય સંગીતનું સારભૂત તત્વ સમાયેલું છે એ રસિક વાચક જોઇ શકશે. શ્રી સકસેનાએ પેલા રશિયન મિત્રને પૂછ્યું : 'આ વાદ્યકારો જે ચીજ વગાડી રહ્યા છે, તે કેટલા વર્ષોથી વગાડે છે ?' 'કદાચ સેંકડો વર્ષોથી,' પેલા રશિયન મિત્રે જવાબ આપ્યો."આ તમારા વાદ્યવૃંદમાં કદાચ ભિન્ન ભિન્ન વયના વાદકો હશે"? શ્રી સકસેનાએ ફરી પૂછ્યું 'હા, એમાં ચોવીસપચ્ચીસ વર્ષના જુવાન માણસોથી છેક બોંતેર વર્ષના બુઝર્ગ વાદકો પણ છે.' પેલા રશિયન મિત્રે ઉત્તર આપ્યો. 'ત્યારે તેનો એવો અર્થ થયો કે આટલો સમય અને વય ગયા છતાં આ વાદ્યકારો કોઇ સર્જકની એકની એક જ ચીજ અને તે પણ બાંધેલી ચીજ ઘૂંટતા આવેલા છે. એમાં સર્જક તરીકે એમનો પોતાનો કહેવાય એવો ઉદ્દગાર શું ? તેઓ તે એક સાંગીતિક ચીજના ચક્રના આરા માત્ર છે. તમારી સંગીતકલામાં આટલા વર્ષ અને આટલી વયે નિજી ભાવને અભિવ્યક્ત કરવાની તેમને સ્વતંત્રતા ન મળે એ ભારે આપત્તિ કહેવાય. બરાબર ભારતીય સંગીત અહીજ જુદું પડે છે. તેમાં પ્રત્યેક વાદ્યકાર કે સંગીતકાર નિજી અભિવ્યક્તિ માટે સ્વતંત્ર છે. પ્રત્યેક રાગરાગિણીના નિયત સ્વરો તો અમારે ત્યાં પણ છે; છતાં એ સ્વરોનું અવલંબન લઇને એક જ ચીજ જુદા જુદા ગીતકારો કે વાદ્યકારો વગાડશે કે ગાશે, તો રાગ એક હોવા છતાં સૂરવિહારના સ્વાતંત્ર્યને લઇને રાગસ્વરૂપનું વૈવિધ્ય શ્રોતાઓને પ્રાપ્ત થશે. અમારે ત્યાં પ્રત્યેક સંગીતકાર કે વાદ્યકાર નિયત સ્વરોનું અવલંબન લેતો હોવા છતાં એક રીતે મુક્ત છે. તેના સંગીતના આવિષ્કારનો અનુબંધ તેની વ્યક્તિગત સાધના સાથે જોડાયેલો છે અને આ સાધનાને વ્યક્ત કરવાને તે સૂરવિહારનો આશ્રય લે છે;. એટલે જ એનું સગીત સ્વરલિપિબદ્ધ પરંપરાગત ચોકઠાથી મુકત રહીને આગળ વધે છે. મુક્તતાના અવકાશ વિના કોઇપણ કલા તેના આત્યંતિક સુંદર રૂપે પ્રગટ થઇ શકતી નથી અને એટલા માટે ઘરાનાપ્રાપ્ત પરંપરાગત સંગીતમાં રાગના પાયાના સ્વરોનું અવલંબન આવશ્યક છતાં, કલાકારના અભિવ્યક્તિના સ્વાતંત્ર્ય ઉપર વિશેષ ભાર આપવામાં આવેલ છે; એટલે જ પં. ઓમકારનાથની ભૈરવી અને ખાન સાહેબની ભૈરવી મૂલગત સ્વરોનું અવલંબન લેવા છતાં ભિન્ન ભિન્ન સ્વરૂપ લઇ લે છે અને સમર્થ ગાયકો એકને એક ચીજ, એક જ રાગરાગિણીમાં ગાયા છતાં, તેને વૈવિધ્યપૂર્ણ અને આહલાદક સ્વરૂપ આપી શકે છે. આ છે ભારતીય સંગીતની વિશિષ્ટતા. શ્રી સકસેનાના આ ઉત્તરમાં જે ભેદ સ્પષ્ટ થયો છે, તે આજે જ્યારે આપણે સંગીતને લિપિબદ્ધ કરી રહ્યા છીએ, ત્યારે ખ્યાલમાં રાખવા જેવો છે.

ગુજરાતનું સદ્દભાગ્ય છે કે આવા સુપ્રસિદ્ધ ભારતીય ગાયક અને સંગીતજ્ઞ પુરુષને થોડા વર્ષથી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીએ પોતાની ફેકલ્ટી ઓફ મ્યુઝિકના 'સાંગીતિક પ્રશાખા'ના અધ્યક્ષ અને આચાર્યપદે નીમેલા છે. ભારત-વિખ્યાત આ ગુણસંપન્ન સંગીતકારને તથા સંગીતાચાર્યને આ બહુમાન બદલ અભિનંદન આપીએ. એમના જેવા ગુણી પુરુષને પ્રિન્સિપાલપદે આરૂઢ કરીને જે સુકૃત્ય કરવું જોઇએ તે થયેલું છે. શ્રદ્ધા છે કે એમના હાથમાં ભારતીય સંગીત સલામત છે. ફકત એમનું કાર્ય ઘનિષ્ઠ અને ફળવાળું થાય એટલા ખાતર હાઈસ્કુલના આઠમા ધોરણથી વિકલ્પે સંગીતનો અભ્યાસક્રમ દાખલ કરીને, તેને સ્નાતક અને અનુસ્નાતક કક્ષા સુધી સંકલિત કરવામાં આવે, તો આ બધી યુનિવર્સિટીઓના કાર્યને માટે દૃઢ આધારનું નિર્માણ થાય અને સમયના યોગ્ય પટમાં પથરાયેલું સંગીતશિક્ષણ આપણા સંગીતોદ્ધારના કાર્યમાં વિશેષ સધન અને પોષક બને એવી ઇચ્છા સાથે આ ચર્ચાનોંધનું સમાપન કરીએ.

(રાજરત્ન શ્રી નાનજી કાલિદાસ સ્મૃતિગ્રંથમાંથી ઉદ્ધૃત)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ્ઞાનરત્ન આફ્તાબે મૌસીકી

ઉસ્તાદ ફૈયાઝખાં

શ્રી જ્યોતિર્ધર દેસાઇ

સંગીત કલામાં સાધના દ્વારા સિદ્ધિને ઉચ્ચતમ શિખરે પહોંચેલા આ સંગીતસ્વામી પોતાના નામની ફોરમ આખાયે ભારતવર્ષમાં ફેલાવતા ગયા છે.

આગ્રા ઘરાણું, ગાયનશૈલીની વિશિષ્ટતા અને સ્વર સાધના માટે ખ્યાતનામ છે. આ પ્રસિદ્ધ ઘરાણામાં ખાં. ઘગ્ગે ખુદાબક્ષખાં, ખાં. ગુલામઅબ્બાસખાં અને ખાં. નથ્થનખાં જેવા અજોડ ગાયકો થઇ ગયા છે. ખાંસાહેબ ફૈયાઝખાં માતૃવંશના સબંધે આગ્રા ઘરાણાના ઠરે છે; અને આમે ય એમની ગાયનશૈલી જોતાં પણ તે આગ્રા ઘરાણાના જ ગણી શકાય. પિતૃવંશે ખાંસાહેબ પ્રસિદ્ધ રંગીલા ઘરાણાના હતા.

'રંગીલે' ઉપનામથી વિખ્યાત ઉ. રમઝાનખાં રંગીલે, જેમની અનેક રાગોમાં બાંધેલી અનેક રચનાઓ આજે પણ પ્રચલિત છે, તે ખાંસાહેબના પ્રપિતામહ થાય. ખાંસાહેબના પિતામહ ઉ. મહંમદઅલીખાં ઝાલાવાડ દરબારમાં રાજગાયક હતા. ખાંસાહેબના માતુશ્રી ગર્ભવતી હતાં ત્યારે જ તેમના પિતા ઉ. સફદરહુસેનખાંનું અવસાન થયું હતું. આથી તેમના માતુશ્રી પોતાના પિતા ઉ. ગુલામઅબ્બાસખાંને ત્યાં આવીને રહ્યાં હતાં. ઇ.સ. ૧૮૮૧માં ખાંસાહેબનો જન્મ તેમના માતામહને ઘેર થયો.

સામાન્ય રીતે એવો સર્વસાધારણ નિયમ છે કે કોઇ પણ ક્ષેત્રમાં સિદ્ધિને વરવા માટે માણસને અનેક કષ્ટ અને વિઘ્નોમાંથી પસાર થવું પડે છે. તપશ્ચર્યા વિના સિદ્ધિ અશક્ય છે, એમ કહેવાય છે. આ બાબતમાં ખાંસાહેબ ભાગ્યશાળી માની શકાય. તેઓ આ નિયમમાં અપવાદરૂપ હતા. તેમના સર્વ સ્નેહી–સગાં કુશળ સંગીતકારો જ હતાં. સંગીતની પ્રાથમિક તાલીમ તેમને તેમના માતામહ ઉ. ગુલામઅબ્બાસખાં પાસેથી મળી. નાનપણથી ખાંસાહેબ રમતિયાળ અને ઉત્સાહી હોવાથી તેમના માતામહને તે ખૂબ પ્રિય હતા, અને તેથી સંપૂર્ણ પ્રેમ અને વાત્સલ્યથી તે પોતાના દૌહિત્રને વિદ્યાદાન કરતા. તેમના પ્રમાતામહ ઉ. ઘગ્ગે ખુદાબક્ષને સંગીતની સાધના માટે કેટલાં કષ્ટ ઉઠાવવાં પડ્યાં હતા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એ તો સહુને વિદિત જ છે. તે પ્રમાણમાં ખાંસાહેબની આજુબાજુ સંજોગોની એવી સુંદર અનુકૂળતા હતી કે તેમને આ સાધના સરળ થઇ પડી.

બાળપણથી ખેલ–કૂદમાં જ ખાં. ગુલામઅબ્બાસખાં તેમની પાસે ચીજો યાદ કરાવી લેતા. આથી તેમનો ચીજ–સંગ્રહ પણ સારો અને વિશાળ હતો. ખાં. ગુલામઅબ્બાસખાં તેમના સ્વતંત્ર મિજાજને લીધે કોઇ સ્થળે નોકરીએ રહ્યા જ નહોતા. તે ઘણીવાર કેટલાયે મહિના સુધી જુદે જુદે સ્થળે ફર્યા કરતા, અને ત્યાંના કલાકારોની વિદ્યાનો પરિચય પામતા. ઘણીવાર તે ખાંસાહેબને પણ આવા પર્યટનોમાં પોતાની સાથે લેતા અને તેમને પણ બીજા પ્રસિદ્ધ ગાયકોનાં ગાયન સંભળાવતા અને પોતે જાતે ગાઇને દરેક ગાયકની ખૂબીઓ વિશે તેમને વિસ્તારથી સમજણ પાડતા. ખાં. નથ્થનખાં તે વખતે મ્હૈસુર દરબારમાં રાજગાયક હતા, અને તેથી ઘણીવાર આ જોડી ત્યાં પણ જઇ પહોંચતી. નથ્થનખાંસાહેબની ગાયનશૈલીથી ખાં. ફૈયાઝખાં પ્રભાવિત થયા હતા અને ખાંસાહેબની ગાયનશૈલીમાં તેમની જ ગાયકી અધિકાંશ હતી. આ રીતે સુભાગ્યે ખાંસાહેબને સંગીતના શિક્ષણ માટે પૂરતી સુવિધાઓ મળી રહી.

ઇ.સ. ૧૯૦૯માં જ્યારે ખાંસાહેબ માત્ર ૨૦ વર્ષના જ હતા ત્યારે મ્હૈસુર દરબારમાં તેમણે એટલું સુંદર ગાયું કે મહારાજાસાહેબે સુવર્ણ–પદક બક્ષીને તેમનું ગૌરવ કર્યું. ત્યારપછી પણ અનેક સ્થળોએ અને અનેક પરિષદોમાં તેમના કાર્યક્રમો થયા અને ચારે દિશાએ એમની યશ–પતાકા ફરકી રહી.

તે દરમ્યાન ઇ.સ. ૧૯૧૨માં વડોદરા નરેશ કૈ. શ્રીમંત સયાજીરાવે તેમના દરબારના વયોવૃદ્ધ દરબારી ગાયક ઉ. ફૈજમહંમદખાંને દરબાર માટે એક ઉત્કૃષ્ટ ગાયક પસંદ કરી લાવવા કહ્યું. આ કાર્ય માટે આખાયે ભારતમાં ફર્યા પછી આગ્રામાં ખાં. ફૈયાઝખાંનું ગાયન સાંભળીને તે મુગ્ધ બન્યા. વડોદરા પાછા ફરીને, રાજ્ય તરફથી ઉજવાતા હોળીના દરબારમાં ગાયનના કાર્યક્રમ માટે તેમણે ખાંસાહેબને આમંત્રણ પાઠવ્યું. વડોદરાના રાજ્યદરબારના આ ગાયન પછી સર સયાજીરાવ પણ તેમની સ્વર–સાધનાથી પ્રભાવિત થયા અને તરત જ પોતાના દરબારમાં રાજગાયક તરીકે ખાંસાહેબને તેમણે રાખી લીધા. આ પ્રસંગ પછી ખાં. ફૈયાઝખાંની કીર્તિ કૂદકે અને ભૂસ્કે વધવા લાગી. વડોદરા રહેવા આવ્યા પછી તેમના માતામહ ઉ. ગુલામઅબ્બાસખાં પણ ત્યાં જ પોતાના પ્રિય દૌહિત્ર પાસે આવીને રહ્યા અને વડોદરામાં જ તે તેમના અંતકાળ સુધી રહ્યા.

ધ્રુવપદ–ધમારનું ગાયન તો આગ્રા ઘરાણામાં મૂળથી જ ચાલતું આવ્યું છે. ઘગ્ગે ખુદાબક્ષ દ્વારા આ ઘરાણામાં ખ્યાલ–ગાયન પ્રવેશ પામ્યું આમ ખ્યાલ, ધ્રુવપદ અને ધમાર તો ખાંસાહેબને તેમની ઘરંદાજ તાલીમથી જ પ્રાપ્ત થયા. ખાં. નથ્થનખાંએ અપનાવેલો બોલતાનનો ખ્યાલ ગાયનમાં પ્રયોગ, ખાંસાહેબે પણ પસંદ કર્યો. ખ્યાલ ગાયનની શરૂઆતમાં જ તે નોમતોમ દ્વારા રાગનો વિસ્તાર કરતા. તેમની નોમતોમની શૈલી ઘણી પ્રભાવશાળી હતી. પહેલાં જૂના વખતથી એવી એક ખોટી માન્યતા હતી કે ઉચ્ચ કક્ષાના ગાયકે હંમેશાં ઊંચા સ્વરથી જ ગાવું જોઇએ. આથી પોતાની સ્વાભાવિક અવાજ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મર્યાદા ઉલ્લંઘીને ગાયક ઊંચા સ્વરથી ગાવાનો પ્રયત્ન કરે તો તેના ગાયનમાં કશી જ મજા ન રહે એ સ્વાભાવિક છે. ખાંસાહેબે આવા કુરિવાજને ગણકાર્યો નહિ અને સફેદ પહેલી અગર કાળી પહેલી જેવા ઢાલા સ્વરથી જ તેમણે પોતાની અવાજ–મર્યાદામાં રહીને ગાયું. પરિણામે તેમનું ગાયન પ્રભાવશાળી બન્યું. તેમના ગાયનમાં સ્વરો સાચા લાગતા અને તેમની ગાયનશૈલીની ખરી વિશિષ્ટતા સ્વરોમાં જ હતી.

શરૂથી જ ખાંસાહેબ ઉત્સાહી, અભ્યાસપ્રિય અને કુતૂહલવૃત્તિના હતા. તેમને ઘરંદાજી તાલીમથી મળેલા ખ્યાલ, ધ્રુવપદ અને ધમાર ઉપરાંત તેમણે ગાયનના કેટલાક બીજા અંગોને પણ વિકસાવ્યા. તેમના માતામહ સાથેના પર્યટન વખતે અનેકવાર ખાંસાહેબ બનારસ, લખનૌ વગેરે સ્થળોએ પણ જતા. કલાકાર વર્ગમાં પહેલેથી જ એવો રિવાજ ચાલતો આવ્યો છે કે શહેરમાં કોઈ મોટો કલાકાર આવે ત્યારે ત્યાંનો કલાકાર વર્ગ તેને મિજબાની આપીને નોતરતો અને મિજબાની પછી ગાયનની બેઠક જામતી. શરૂઆતમાં સ્થાનિક કલાકારો પોતાનું ગાયન રજૂ કરતા અને બેઠકના અંતમાં મહેમાન કલાકાર પોતાનું ગાયન રજૂ કરતા. આવી રીતે સાંભળી સાંભળીને તે ગાયનના બીજા અંગો પણ શીખ્યા. બનારસી અંગની ઠુમરી ખાંસાહેબ રંગપૂર્વક ગાતા. આ ઉપરાંત દાદરા, ટપ્પા અને એવા ઘણા સ્વરૂપો પણ તેમણે સુંદર રીતે સાધ્ય કર્યા, અને સરળતા અને આધિપત્યથી તે આ બધા અંગોની અવતારણા કરતા. ગઝલ અને કવ્વાલી જેવા હળવા સંગીતના પ્રકારો પણ તે ખૂબીપૂર્વક ગાતા. લખનૌ જેવા કલાપારખુ શહેરમાં તેમણે વિધવિધ રાગોના મિશ્રણથી રચેલ સોજખાની ગાયનથી ત્યાંના શ્રોતાવર્ગને નતમસ્તક કરી નાખ્યો હતો. શ્રોતાવર્ગનો રસ ખાંસાહેબ તરત જ પારખી શકતા અને તદનુરૂપ તે તેમનું ગાયન બદલતા.

ગાયનની અવતારણા વખતે ખાંસાહેબ પોતાના હાવભાવ પણ ગાયનના રસને અનુરૂપ કરી બતાવતા; તેથી ગાયનના શબ્દાર્થથી અજ્ઞાત હોય તેવો શ્રોતાવર્ગ પણ એની મજા માણી શકતો હતો. મૂળ આગ્રાના રહીશ હોવાથી તેમના ચીજ–સંગ્રહમાંથી મોટા ભાગની રચનાઓ વ્રજભાષામાં હતી. વ્રજભાષા બધે પ્રચલિત નહિ હોવા છતાં પણ તેમના હાવભાવ અને રસપૂર્વકના ગાયનને લીધે શ્રોતાવર્ગ મંત્રમુગ્ધ બની જતો.

'પ્રેમપિયા'ના ઉપનામથી ખાંસાહેબે અનેક રાગોમાં ધ્રુવપદ, ધમાર, ઠુમરી, ટપ્પા, દાદરા વગેરેની રચનાઓ સુંદર રીતે કરી છે.

ખાંસાહેબનું પ્રથમ લગ્ન ઉ. ફૈજમહંમદખાંની પુત્રી સાથે થયું હતું. જ્યારે તેમના બીજા પત્ની 'દરસપિયા'ના ઉપનામથી ખ્યાતનામ એવા ઉ. મહેબુબખાંના પુત્રી થાય. ખાંસાહેબના સહવાસી અને શાગિર્દ ઉ. આતાહુસૈનખા; 'દરસપિયા'ના પુત્ર થાય છે.

સ્વભાવે ખાંસાહેબ ખૂબ રંગીલા હતા. લક્ષ્મી અને સરસ્વતીનો વિરલ એવો સહયોગ તેમને ઘેર હતો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તે મિલનસાર અને નિરભિમાની હતા. કોઇ પણ ગાયક વડોદરા આવે, ત્યારે તેના ધામા ખાંસાહેબને ઘેર જ હોયઅને ખાંસાહેબ પણ પ્રેમથી તેનું સ્વાગત અને આતિથ્ય કરતા.

ઇ.સ. ૧૯૪૮ની જાન્યુઆરીની ત્રીસમી તારીખ–ભારતના ભાગ્યવિધાતા પૂ. બાપુજીના સ્વર્ગવાસના એ દુર્ભાગી દિને, વડોદરાના નભોવાણી કેન્દ્ર તરફથી સ્વ. બાપુજીને અંજલિ આપવા માટે તેમના પ્રિય ભજનોનો કાર્યક્રમ રજૂ કરવા માટે ખાં. ફૈયાઝખાંને આમંત્રણ આપવામાં આવ્યું.વહીવટ–પ્રણાલિકા અનુસાર આ આમંત્રણ–પત્રમાં આ કાર્યક્રમ બદલ તેમનું વેતન પણ દર્શાવાયું હતું. આમંત્રણ મળતાં જ ખાંસાહેબ દ્રવિત કંઠે બોલ્યા, "કયા ઉનકે મૌત પે હમ ગા ભી ન સકે ?" અને બિલકુલ વેતન લીધા સિવાય હૃદયના ઊંડાણેથી નીકળતા વેદનાપૂર્ણ સ્વરે તેમણે ગાયું : !

"વૈષ્ણવજન તો તેને રે કહીએ
જે પીડ પરાઇ જાણે રે"

સ્વ. બાપુના આ પ્રિય ભજન પછી ખાંસાહેબે જમાવેલી 'રઘુપતિ રાઘવ રાજારામ'ની ધૂને તો આખા વાતાવરણને ભક્તિરસે પુનિત કરી દીધું. ખાંસાહેબની સહૃદયતા અને નિરપેક્ષપણાનું આથી વિશેષ કયું ઉદાહરણ હોઇ શકે ?

તોડી, મુલતાની, આશાવરી, દરબારી કાનડા, રામકલી ઇત્યાદિ પ્રસિદ્ધ રાગોમાં જેટલી સરળતા અને આધિપત્યથી ખાંસાહેબ આલાપ કરતા, તેટલી જ સરળતાથી તે દેશી, બરવા, ખટ, સિંધુરા, મુલુહા કેદાર, મેઘમલ્હાર ઇત્યાદિ અપ્રસિદ્ધ રાગોમાં પણ તે આલાપતા. મોટા અને ગંભીર પ્રકૃતિના રાગોની અવતારણામાં તો તે અજોડ જ હતા. પોતે ગાતા હોય તે રાગનું સ્વરૂપ રસશાસ્ત્રની દૃષ્ટિએ તેઓ એટલું તાદૃશ્ય કરતા કે અનભિજ્ઞ શ્રોતાગણ પણ તે રસનો અનુભવ કરી શકતો.

સંગીતક્ષેત્રે તેમની આવી વિરલ સિદ્ધિ બદલ તેમને અનેક સ્થળેથી સન્માન અને પારિતોષિક મળ્યાં હતાં. મ્હૈસુર નરેશ તરફથી 'આફતાબે મૌસીકી' (સંગીત–ભાસ્કર) લખનૌની મેરીસ કૉલેજ તરફથી 'સંગીત–રત્નાકાર', બનારસ કૉન્ફરન્સમાં 'સંગીત–ચૂડામણિ', મુંબઇના મેયર તરફથી 'સંગીત–સમ્રાટ', વડોદરા નરેશ તરફથી 'જ્ઞાનરત્ન' વગેરે અનેક પદકો તેમને મળ્યા હતા. આ ઉપરાંત ઠેકઠેકાણેથી મૂલ્યવાન બક્ષિસો પણ તેમને મળી હતી. ઇ.સ. ૧૯૧૯માં ઇંદોર નરેશ તુકોજીરાવ હોલ્કરે ખાંસાહેબના સંગીતથી પ્રસન્નતા અનુભવી તેમને રૂપિયા બત્રીસ હજારનું ઇનામ આપ્યું હતું.

દેવરાજ ઇન્દ્રને જાણે તેમના દરબારમાં ગંધર્વોનાં ગાયન મોળાં પડ્યાં હોય અને મરૂભૂમિના આ ઉત્કૃષ્ટ કલાકારને સાંભળવાની અદમ્ય અભિલાષા થઇ આવી હોય તેમ તેમણે આ સ્વર–સમ્રાટને પોતાના આંગણે નોતર્યો. ઇ.સ. ૧૯૫૦ના નવેમ્બરની પાંચમી તારીખે ખાંસાહેબે આ સંસારમાંથી વિદાય લીધી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અંતકાળ સુધી ખાં. ફૈયાઝખાં વડોદરામાં જ રહ્યા. વડોદરાના સંગીત મહાવિદ્યાલય સાથેનો તેમનો સંબંધ નિકટનો છે. ઇ.સ. ૧૯૨૨માં તેમને આ વિદ્યાલયમાં સંગીત–શિક્ષણનું કાર્ય સોંપાયું હતું. લગભગ ચાર વર્ષ સુધી આ સ્થાને રહ્યા પછી ઇ.સ. ૧૯૨૬ થી ઇ.સ. ૧૯૨૮ સુધી બે વર્ષ, તેઓ વિદ્યાલયના મુખ્ય અધ્યાપક તરીકે રહ્યા હતા. તેમની નિવૃત્તિ પછી પણ અનેકવાર તેમના ગાયનના કાર્યક્રમો વિદ્યાલયમાં રખાતા અને ખાંસાહેબ પણ પ્રેમપૂર્વક આવીને ગાયન સંભળાવતા. ઇ.સ. ૧૯૪૯માં વિદ્યાલય, વડોદરા વિદ્યાપીઠ સાથે જોડાયાપછીતેમનીઆસંસ્થામાંમાનનીયઅધ્યાપક(Visiting Professor)તરીકેવરણીથઇહતી,જેમાં ખાંસાહેબે વિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે વર્ષમાં બે કાર્યક્રમો આપવાનું નક્કી થયું હતું. આમાંથી માત્ર એક જ કાર્યક્રમ તે આપી શક્યા અને અધવચ્ચે જ તેમણે કાયમી વિદાય લીધી. વિદ્યાલય માટે તેમને ખૂબ જ આત્મભાવ અને અગાધ પ્રેમ હતો.

સંગીત–નભનો આ મહાન જ્યોતિર્ધર અત્યારે તો આથમી ગયો છે, પણ તેમની કલા અને ગાયનશૈલી હજી જીવિત છે, કલા અમર છે. આજે હિન્દુસ્તાનના ગાયક વર્ગનો ઘણો મોટો ભાગ તેમની જ ગાયનશૈલીને અનુસરે છે–આથી વધારે તેમની સિદ્ધિ અને શક્તિનું બીજું કયું પ્રમાણ હોઇ શકે? વર્તમાન પ્રસિદ્ધ સંગીતકાર શ્રી એસ. એન. રતંજનકર, શ્રી દિલીપચંદ્ર વેદી, ખાં. આતાહુસેનખાં, ખાં. અસદઅલ્લીખાં, ખાં. લતાફતહુસેનખાં વગેરે તેમના શિષ્યો છે.

આ સંસ્થાના આ મહાન ચાહક, જેને માટે સંસ્થા ગર્વ લઇ શકે છે, તેમની સિદ્ધિઓને યાદ કરીને એ મહાન આત્માને આપણે અભિવંદના અર્પીએ.

(આ સંસ્થાની ૭૦મી જયંતિ–ઉત્સવ પ્રસંગે પ્રગટ કરેલ "સુવેનીર"માંથી પુનઃ મુદ્રણ)

Pt. SHIVKUMAR AT LIVE CONCERT

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Late Prof. Khansaheb Moula Bux
The First Principal

સંગીતક્ષેત્રમાં પ્રો. મૌલાબક્ષ નું પ્રદાન

શ્રી મધુસુદન મણિલાલ ઠક્કર

સંગીત જ્યારે સામાન્ય જનસમાજથી વિમુખ બની ગયું હતું, જ્યારે તે વિલાસપોષક અને આનંદપ્રમોદનું સાધન માત્ર બની ચૂકયું હતું, ગૃહસ્થાઇનું લક્ષણ ન રહેતાં જ્યારે તે વેશ્યાઓના ધંધારૂપ થઇ અવનતિને પામ્યું હતું, જ્યારે તેના અભ્યાસીઓ અને ઉપાસકો નિંદાપાત્ર ગણાતા હતા, તેવે સમયે – ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં અને વીસમી સદીના પહેલાં બે ત્રણ દાયકાના ગાળામાં તેનો (સંગીતનો) ઉદ્ધાર કરવા, તેને સંસ્કૃતિના અંગ તરીકે પુન:સ્થાપિત કરવા, શ્રેયસાધનરૂપ બનાવવા, લોકગમ્ય કરવા ત્રણ વિભૂતિઓએ આ અવની ઉપર જન્મ ધારણ કરી, જીવનપર્યંત મહાન પ્રયાસો કર્યા; જેનાં પરિણામરૂપે આજે આપણે સંગીતને કંઇક ઉચ્ચ કક્ષાએ પહોંચેલું જોઇ શકયા છીએ. આ ત્રણ મહાન વિભૂતિઓ તે પ્રોફેસર મૌલાબક્ષ, પંડિત ભાતખંડે અને પંડિત વિષ્ણુ દિગમ્બર પલુસ્કર. તેમાં પણ આ ક્ષેત્રમાં સહુ પ્રથમ ભેખ ધારણ કરવાનું માન પ્રો. મૌલાબક્ષના ફાળે જાય છે.

પ્રો. મૌલાબક્ષનો જન્મ સને ૧૮૩૩માં દિલ્હી પાસે ભીવાનીમાં ખાન પઠાણના જાગીરદાર કુટુંબમાં થયો હતો. તેઓના પિતામહ અનવરખાંને બે પુત્ર હતા – ઘીસેખાં – મૌલાબક્ષના પિતા – અને ઇમામખાં. મૌલાબક્ષને એક મોટી બહેન પણ હતી, જેનું નામ બીબન બી હતું. અનવરખાં પોતે તે સમયમાં એક સફળ ગાયક તરીકે સિદ્ધ થયેલા હતા. તેઓના થોડાઘણા સંસ્કાર પૌત્રમાં ઉતરેલા તો હતા જ. નાની વયમાં જ મૌલાબક્ષના માતપિતા ગુજરી ગયા, જેથી સ્વાર્થી અને લોભી કાકા ઇમામખાંને ત્યાં ઊછરવા લાગ્યા. ઇમામખાંની પત્ની ભત્રીજા તરફ ખૂબ પ્રેમ લાગણી ધરાવતી, પરંતુ પતિના સ્વભાવથી પ્રતિકૂળ થઇ શકતી નહિં. મૌલાબક્ષને ઘર છોડવું પડયું અને રખડુ જીવન ગાળવા લાગ્યા. દિલ્હી તરફ વારંવાર આવતા મુસાફરોના સંગથી તેઓ ઘોડેસ્વારી તથા કસરતનો શોખ કેળવી શકયા; અને એક કુસ્તીબાજ પહેલવાન બનવાની મહત્ત્વાકાંક્ષા સેવવા લાગ્યા; અને જન્મથી જ તે મજબૂત બાંધાના પણ હતા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભીવાનીમાં જ એક સૂફી ફકીરનો સમાગમ થતાં મહત્ત્વકાંક્ષાનો રંગ પલટાયો. તેમનું સાદુ પણ સુમધુર અવાજયુક્ત ભજન સાંભળી તે ફકીર તેમની પહેલવાનની આકાંક્ષા છોડી દઇ સંગીતકાર થવાનું સૂચન કર્યું. "જ્યાં જ્યાં જશે ત્યાં ત્યાં વિજ્યી અને યશસ્વી થશે" એવા આશીર્વચનો આપી તેમનું પ્રથમનું નામ સોલખાં હતું તે ફેરવી મૌલાબક્ષ, (Gifted by God – પરમાત્માની બક્ષિસ) રાખ્યું અને વિદાય થયા.

આ સમય દરમ્યાન ઇમામખાં ગુજરી ચૂકયા હતા, જેથી કાકીમાં મૌલાબક્ષ તરફનો પ્રેમ પુન: જાગૃત થયો. કાકી સાથે તેઓ રહેવા લાગ્યા. અનવરખાંના સંગીતનો પુષ્કળ લાભ મળ્યો. પરંતુ વિશેષ સંગીતજ્ઞાન પ્રાપ્ત કરવાની મહેચ્છાથી તેઓ યોગ્ય ગુરુની શોધ કરવા લાગ્યા. વડોદરાના ઘસીટખાંની કીર્તિ તેમના કાને પડી અને તેમની પાસે શીખવાનો નિશ્ચય કર્યો. કાકી સાથે વડોદરામાં આવી નાનું મકાન ભાડે રાખી રહ્યા. શિષ્ય બનાવવાની ઘસીટખાંની અનિચ્છા જાણી, નિરાશ ન થતાં, યુક્તિથી તેમના અફીણી પહેરેગીરની મૈત્રી કરી, રાતના ઉસ્તાદ ઘસીટખાંના ગાયનને ચોરીછૂપીથી સાંભળવા લાગ્યા. ઘેર જઇ એકલવ્ય માફક એકનિષ્ઠાથી સાંભળેલા સંગીતનો અભ્યાસ કરવા લાગ્યા. એમના પરિશ્રમના પરિણામે "એક બીજા ઘસીટખાં શહેરમાં આવેલા છે" એવી કિંવદંતી જનસમૂહમાં ફેલાવા લાગી. ઘસીટખાં આશ્ચર્યચકિત થઇ તેની તપાસ કરવા ગયા, જ્યાં તેમને પોતાની પ્રતિકૃતિરૂપ સંગીત સાંભળવા મળ્યું. ઘરમાં પ્રવેશી તેઓએ મૌલાબક્ષને તેમના ગુરુ વિષે પૂછપરછ કરી, જેના ઉત્તરમાં, "પોતાનો હવે પછીનો રિયાઝ અટકી જશે," એમ મૌલાબક્ષે કહી, ગુરુ નું નામ ન પૂછવા વિનંતી કરી. ઘસીટખાંની ઉત્સુકતા અને આગ્રહને વશ થઇને, "નિરાશાજનક પરિણામ આવશે તો પોતે (ઘસીટખાં) તેમને જરૂર મદદરૂપ થશે" એવું છેવટે વચન લઇને મૌલાબક્ષે પોતાના ગુરુ તે (ઘસીટખાં) પોતે જ છે એમ કહી તમામ ભેદ ખુલ્લો કર્યો. ઘસીટખાં આ જાણી વિસ્મયસાગરમાં ડૂબી ગયા પણ નારાજ ન થયા. વિદ્યાર્થીની જિજ્ઞાસાએ, મધુર કંઠે અને તીક્ષ્ણ બુદ્ધિએ તેઓને પોતાના શિષ્ય તરીકે સ્વીકારવા આકર્ષ્યા. આવો શિષ્ય મળવા બદલ ઘસીટખાં પણ પોતાની જાતને ધન્ય ગણવા લાગ્યા અને કળાની તમામ ખૂબીઓ શીખવી મૌલાબક્ષને થોડા જ સમયમાં ગવૈયાની હરોળમાં મૂકી દીધા.

સંગીતના અભ્યાસ, મનન અને ચિંતને, રાગ ભૈરવ, ભૈરવી, યમન, બહાર, અડાણા, સરપરદા વગેરે નામાભિધાનો ઉપરથી અને ખ્યાલ, ઠુમરી, ટપ્પા ઉપરથી મૌલાબક્ષને ઉત્તર હિન્દના સંગીતમા અરબી અને ફારસી સંગીતની અસર જણાઇ. જેથી અસલ હિન્દુ સંગીત જાણવાની પિપાસા ઉત્કટ થઇ. તેની તૃપ્તિ માટે તેઓએ દક્ષિણ તરફ પ્રયાણ કર્યું. મ્હૈસુરમાં સંગીત અને સંગીતકારોને પુષ્કળ માન મળતું. તેથી તેઓ ત્યાં ગયા. તેમનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. ઉત્તર હિન્દનુ સંગીત મહારાજાને ખૂબ ગમ્યું. બક્ષિસ આપવાનું નક્કી કર્યું. દરબારોમાં બ્રાહ્મણ સંગીતકારોનું ખૂબ જોર હતું. સમગ્ર દક્ષિણ ભારતમાં સંગીત પવિત્ર વસ્તુ હોઇ તેને શીખવાનો બ્રાહ્મણોનો જ હક્ક ગણાતો.પંડિત સંગીતકારોના દ્વેષભાવે, મૌલાબક્ષને શાસ્ત્રના અજ્ઞાનતાના દાવે મહારાજા તરફથી બહુમાન ન મળ્યું. તદુપરાંત ત્યાંના બક્ષીની પુત્રીનું હ્રદયવેધક વીણાવાદન સાંભળી તેની પાસે દાક્ષિણાત્ય સંગીત શીખવા માટેનો પ્રસ્તાવ મૂકતાં,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેઓનો આવો રાજાશાહી ઠાઠમાઠ મહારાજાને પસંદ નહોતો. મૌલાબક્ષને એક દિવસ તેઓએ પ્રશ્ન પૂછયો કે "તે એક સામાન્ય ગાયક હોવા છતાં તે પ્રમાણે રાજાશાહી ઠાઠમાં ફરવાનો તેને શો હક્ક છે ?" તેના જવાબમાં મૌલાબક્ષે જણાવેલું કે "સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન સર્વત્ર પૂજ્યતે" અને તેથી જ "હું આ પ્રમાણે રહેવાનો હક્ક ધરાવું છું." જેથી તેમની વિદ્યાનું મૂલ્યાંકન કરવા માટે પોતાના રાજ્યના તેમજ કેટલાક ઉત્તર હિંદના સંગીતકારોને એકઠા કરવામાં આવ્યા. આમાં બડેગુલામરસૂલખાં, ખાદીમહુસૈનખાં, નાસરખા પખવાજી, અજગરઅલી સરોદિયા, અલિહુસૈન, નૃત્યકાર કન્હાઇ વગેરે મુખ્ય હતા. નાસરખાં પખવાજી તે વખતના મહાન કુશળ કારીગર હતા. તેમની સાથે ગાઈને અને બીન બજાવીને મૌલાબક્ષે દરેકનાં મન હરી લીધાં હતાં.

મૌલાબક્ષ પોતે સારું ગાતા હતા અને બીન પણ ઘણું સારું બજાવતાં. તેઓની ગાયક તરીકેને કીર્તિ તો હતી જ પરંતુ બીનકાર તરીકેની પણ તેઓની વિશેષ ઉજજવલ ખ્યાતિ હતી.

વડોદરામાં મહારાજાના પ્રેમનો અભાવ જોતાં સ્વમાની સ્વભાવના મૌલાબક્ષે નોકરી છોડી દીધી. ત્યારબાદ નિઝામ હૈદ્રાબાદ તરફ ગયા, ત્યાં ઉદાર અને સંગીતપ્રેમી દીવાન સર સલારજંગે સન્માનપૂર્વક રાખ્યા. ઇ.સ. ૧૯૬૩માં કાસીમબીથી તેમને ત્યાં પુત્ર મુર્તુજાખાંનો જન્મ થયો. આ પત્નીથી ફાતીખાનીમ, ખતિજાબી અને ઇનાયતબી એમ ત્રણ પુત્રીઓ પણ હતી.

તે જ વર્ષે મ્હૈસુરના મહારાજાની પ્રીતીને વશ થઇ તેમની ઇચ્છા પ્રમાણે હિંદુ રાજવંશી કન્યા સાથે લગ્ન કર્યું. પાછળથી જેનું નામ અમીરબી રાખવામાં આવ્યું હતું. આ પત્નીથી ઇ.સ. ૧૮૬૯માં સુપુત્રનો જન્મ થયો, તેનું નામ અલ્લાઉદ્દીનખાં હતું. વડોદરા પરત આવી ઇ.સ. ૧૮૭૦માં જૂન માસથી ગાયનાબ્ધિસેતુ નામનું માસિક કાઢવાનું શરૂ કર્યું. પરંતુ થોડા જ સમય રાજ્યાશ્રયના અભાવે અદ્રશ્ય થયું.

શ્રી. મલ્હારરાવના સમયમાં રેસીડેન્ટ સાથે ઓખળાણ કરી તેમની પ્રીતિ પ્રાપ્ત કરી. 'સ્ટાફ નોટેશન' ની કેટલીક માહિતી તેમના દ્વારા મેળવી અભ્યાસ કર્યો. ઇ.સ. ૧૮૭૫માં કલકત્તામાં જ્યોતીદ્રમોહન ટાગોરના મહેમાન થઇ તેઓને પોતાના કળાકૌશલ્યથી ખુશ કર્યા. ટાગોરસાહેબે ગર્વનર જનરલ લોર્ડ નોર્થબ્રુક સાથે મૌલાબક્ષને ઓળખાણ કરાવી. તેઓએ તેમનું સંગીત સાંભળી Professor of Music નો ઇલ્કાબ આપ્યો.

મૌલાબક્ષે અશ્લીલ ચીજોને બાજુ ઉપર મૂકી કબીર, સૂર, નરસિંહ, મીરા, પ્રેમાનંદ વગેરેના કાવ્યો અને પદોને અપનાવી સંગીત અને કાવ્યનો સુમેળ સાધ્યો. આ માટે તેમણે ગુજરાતી, મરાઠી તથા હિન્દી ઉપર પ્રભુત્વ મેળવી લીધું હતું. મૌલાબક્ષની કીર્તિ પૂર્ણરૂપે ચોપાસ ફેલાઇ ચૂકી હતી. તેમને કરેલા કાવ્ય અને સંગીતનો સુમેળ જોઇ, સાંભળી, સાક્ષર કવિ શ્રી હરિ હર્ષદ ધ્રુવે 'ચિત્રદર્શન' માં ચિત્રાંકિત કર્યું કે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જવાબમાં પોતે મુસલમાન છે તેથી બ્રાહ્મણકુળમાં પુનર્જન્મ લઇ શીખવાનું કહેતાં, મૌલાબક્ષને ખૂબ અપમાનજનક લાગ્યું. પોતાની શાસ્ત્રની અજ્ઞાનતા અને થયેલા અપમાનના ખેદમાં તેઓએ મનોમન ત્યાંનું સંગીત અને સંગીતશાસ્ત્ર શીખી આ લોકોનો આડંબર ઉતારવાનો નિશ્ચય કર્યો અને પ્રતિજ્ઞા કરી કે "હું જ્યાં સુધી અહીંના સંગીતશાસ્ત્ર અને કલામાં પ્રાવીણ્ય પ્રાપ્ત નહી કરું ત્યાં સુધી મ્હૈસુરમાં મોં બતાવીશ નહિં." મહારાજા તરફથી મળનાર બક્ષિસ પણ ન લેતાં તેઓએ દક્ષિણના તમામ સંગીતધામોમાં પર્યટન કર્યું. મેંગલોર, મલબાર, ત્રાવણકોર અને તાંજોરમાં ગયા. તાંજોરમાં એક બ્રાહ્મણ પંડિતની હૃદયદ્રાવક શુશ્રૂષા કરી તેમની પ્રીતિ મેળવી. પ્રથમ સંગીતશાસ્ત્ર, શીખવા પૂરતું સંસ્કૃત ભાષાનું અધ્યયન કરી બ્રાહ્મણ પાસેથી સંગીતશાસ્ત્રમાં મેલકર્તા, રાગ, સ્વરવિસ્તાર પ્રસ્તાર, તાલપ્રસ્તાર, ત્યાગરાજ, દીક્ષિતારની કૃતિઓ વિગેરેનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું અને વીણાવાદન પણ શીખી લઇ તેની ઉપર પ્રભુત્વ મેળવી લીધું. આ પ્રમાણે પાંચે વર્ષમાં નિપુણતા પ્રાપ્ત કરી મ્હૈસુરના મહારાજા કૃષ્ણરાજા પાસે પોતાનું જ્ઞાનપ્રદર્શન કરવા માટેની રજૂઆત મૂકી. તે વખતે મહારાજાએ તમામ પંડિતોને બોલાવી તેમની પરીક્ષા કરી. પંડિતોએ દિવસોના દિવસો સુધી, તેમની કળાસાધના નિર્દોષ જણાતાં શાસ્ત્રજ્ઞાનની ચકાસણી કરી. તેમાં પણ તેમની કુશળતા જણાતાં એક છંદ આપી રાગનું નામ કહ્યા સિવાય અમુક જ સ્વરના આરોહીઅવરોહીવાળા રાગમાં બેસાડી તેને પ્રસ્તાર–વિસ્તારથી ગાઇ બતાવવા કહ્યું, જેમાં પણ તેઓ સફળ નીવડયા. આમ પોતાની વિદ્વત્તા અને કુશળતાના બળે મહારાજા અને પંડિતોના હૃદયમાં પોતાના તરફની પ્રેમભાવના જાગૃત કરી. મહારાજાએ તેઓને રાજ્યપોષાક, છત્ર, ચામર, કલગી, શિરપેચ, અને મશાલ બક્ષિસ આપી બહુમાન આપ્યું અને 'સંગીતાચાર્ય' ની પદવી અર્પણ કરી.

આ સમય દરમ્યાન તેઓનું ટીપુ સુલતાનના વંશની એક કન્યા સાથે લગ્ન થયું હતું. તેનું નામ કાસિમ બી હતું. મ્હૈસુર દરબારમાં ગાયક તરીકે નિમાયા પછી તેઓની કીર્તિ ચારે દિશામાં ફેલાવા લાગી. જુદા જુદા દેશી રજવાડાઓ તરફથી આમંત્રણ મળવાં લાગ્યા. મહારાજા ખંડેરાવના અતિ આગ્રહને માન આપી વડોદરા ગયા. ત્યાં તેઓને પાછળથી ખબર પડી કે કલાની કદર ના કરતાં રાજ્યશોભા માટે જ પોતાને બોલાવેલાં છે; જેથી મ્હૈસુર દરબાર છોડ્યાનું ઘણું દુ:ખ થયું. જો કે તેઓની સાથેનો સંબંધ છેક સુધી અતૂટ રહ્યો હતો.

ઇ.સ. ૧૮૬૦માં તેઓએ યાકુતપુરામાં નવલખા શેઠનું મોટું એવું મકાન ખરીદ્યું, જેમાં આજે તેઓના વંશજો રહે છે. આ મકાનનું નામ તેઓએ "પવિત્રવિલાસ" રાખ્યું હતું. જો કે મૌલાબક્ષવાડા તરીકે પણ તે ઓળખાતું હતું અને આજે પણ ઓળખાય છે. તેઓ શરીરે હૃષ્ટપુષ્ટ અને ભવ્યકાય હતા. તેઓનું મુખ "પહોળું, થોભિયા દાઢીના વિસ્તારથી ભરેલું, વિશાળ આંખોવાળું" વનરાજ સમુ ભવ્ય દેખાતું હતું. 'રાજ્ય પોશાક'માં રાજાસરખા ભાસતા તેઓ હંમેશાં દરબારમાં મ્હેસુર રાજ્યમાં બક્ષિસ મળેલાં રાજ્યપોશાક અને આભૂષણો ધારણ કરીને જ જતા. પોતે ઘેર પણ ઘોડાગાડી રાખતા. આમ રજવાડા જેવી તેમની રહેણીકરણી હતી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

"કવિ આદ્યે વાલ્મીક વ્યાસ કાલિદાસ આદિ વિનાશથી,
ગંધર્વવેદ પ્રકાશ નારદ કળા શારદ જ્યાં શમી;

x x x
x x x
x x x
x x x

મુજ ધન્ય ગુર્જર ભૂમિ તું ! બડભાગ્ય આ તુજ બાળથી !
પુર ધન્ય વીર ક્ષેત્ર તું ! દીપતું તે જ વિશાળથી !
અંકે લહી આનંદ માને આજ ચિત્રક હંસ આ ! !
ગાયન તથા કવિતા તણા શશી સુરજ પણ તારા અહા ! ! !
તે પૂર્ણ પ્રેમાનંદ અનુપમ બક્ષમૌલા સાથમાં
દિનદિન કળાથી ધવલ ઉજ્જવળ હંસ ઉદયે રો' સદા !!!

('એક ચિત્રદર્શન' – હ.હ. ધ્રુવ)

તેઓએ આ પ્રમાણે પોતાની વિદ્વત્તાથી સંગીત તરફ ગુજરાતી સાક્ષરોમાંથી હ.હ. ધ્રુવ શ્રીમદ નૃસિંહાચાર્ય અને સ્વ. શ્રી ભોળાનાથ દિવેટિયાને પણ આકર્ષ્યા હતાં. ભોળાનાથ દિવેટિયાના કુટુંબ સાથે તે ઘણા જ સંપર્કમાં આવેલા. કુટુંબ સંગીતરસિક હોઇ એક માસ સુધી મૌલાબક્ષને મહેમાન તરીકે બોલાવી સાંભળ્યા હતા (ઇ.સ. ૧૮૭૯). સ્વ. નરસિંરાવ તેમના કલાપરિચય કરાવતા આ પ્રમાણે અંજલિ આપે છે.

"બીનકાર તરીકે તેમની ખ્યાતિને લીધે જ બોલાવેલા. તેમનું બીન પણ ઉત્તર પ્રકારનું હતું. ××× બીનના ગંભીર નાદમાંથી મીડ, ગમક વેરતા એ કલાકાર તેમાં તલ્લીન; રાગના આલાપ ગંભીર મર્દાની અને મધુર અવાજથી કરીને રાગની રૂપમૂર્તિ ખડી કરતા. × ×××

"તારબો તિહારો અખત્યાર હૈ" એ ભજન મૌલાબક્ષ કાફી રાગમાં બહુ જ હૃદયસ્પર્શી બનાવીને ગાતા, તે મ્હારા પિતાને બહુ જ ગમી ગયું, અને તેમણે તે જ નમૂનો લઇને કેટલાક શબ્દો પણ સમાન રાખીને "તારવાં તમે પ્રભુ સમર્થ છો." એ પ્રાર્થના સંગીત રચ્યું અને પ્રાર્થના માળામાં દાખલ કર્યું × × × મૌલાબક્ષે મને એક ખમાજ રાગનું ભજન આ સમયમાં શીખવેલું યાદ આવે છે.

"પરમેશ્વર એક તું ભજ રે પ્રા....ન
પરમેશ્વર એક તું ભજ રે."

××××××

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'તે સવિતા પરબ્રહ્મ પ્રભુનું નિત્ય નિરંતર ધ્યાન ધરું' એ સુપ્રસિદ્ધ શૈલીનું પદ મૂળ રાગ બદલી ધન્યાશ્રી રાગમાં ગાયું; અને ખરે કંઠની ગંભીર ધ્વનિયુક્ત મીઠાશ, સંગીત કલાના ચમત્કાર, એ સર્વ મદદને લીધે વાતાવરણ અદ્‌ભુત ઉલ્લાસપ્રદ બન્યું હતું. સર્વ શ્રોતાવર્ગ ચિત્રાર્પિત થઇ ગયો હતો. એ શ્રોતાવર્ગમાં હું એક ખૂણામાં બેઠો બેઠો

"સુણંતો હર્ષ કૌતુક મોદે"

કોઇના જોવામાં જાણવામાં આવું એમ હતું નહિ.

મૌલાબક્ષ ઉત્તમ કલાકાર ઉપરાંત એક બાહોશ શિક્ષક પણ હતા. સંગીત ક્ષેત્રના વાતાવરણના અભ્યાસી તો હતા જ, જેથી સંગીત શિક્ષણ તે સમયને અનુકૂળ કેવી રીતે બનાવવું કે જેથી લોકગમ્ય થઇ તેનો પ્રચાર અને પ્રસાર થાય તે વિષે તેઓ અહર્નિશ મનોમંથન કરતા હતા. "સ્ટાફ નોટેશન" ના પરિચય પછી હિંદુસ્થાની સંગીતમાં સ્વરલેખન પદ્ધતિની ઊણપ તેમને જણાઇ. તે પદ્ધતિના આધારે સુધારાવધારા સહિત આપણા સંગીતને અનુકૂળ એવી સ્વરલેખન પદ્ધતિની રચના કરી. સંગીતને આ પ્રમાણે પુસ્તકમાં ઉતારવાનો તેઓએ જ પ્રથમ પ્રયાસ કરી સમગ્ર દેશ ઉપર મહાન ઉપકાર કર્યો છે.

ઇ.સ. ૧૮૬૦ થી ૧૮૮૯ સુધીમાં તો મૌલાબક્ષે, કુટુંબમાંથી પોતાના પુત્ર મુર્તુજાખાં તથા અલ્લાઉદ્દીનખાં તથા દૌહિત્ર હઝરત ઇનાયતખાં, મહેબુબખાં, મુસુફખાં, મહેરબક્ષ ઉપરાંત પં. ગણપતરાવ બર્વે તથા તેમના પુત્ર મનહર બર્વે, શ્રી ચીનાપ્પા, કેલ્વાડ, શિવરામ સદાશિવ મનોહર ઇત્યાદિ ઘણા શિષ્યોને તાલીમ આપી તૈયાર કર્યા હતા. આમાંથી ઘણાઓએ લગભગ દરેકે સંગીત ઉપર મૌલાબક્ષની પદ્ધતિથી જ પુસ્તકો પણ પ્રસિદ્ધ કરી ગુરુના પ્રચાર કાર્યને વેગ આપ્યો હતો.

શ્રીમંત સરકાર સયાજીરાવ મહારાજાએ યુરોપના પ્રથમ પ્રવાસમાંથી પરત આવ્યા પછી સર્વ વિદ્યાઓનો જીર્ણોદ્ધાર કરવા પ્રયત્નો આરંભ્યા. તેમાં સંગીતનો મુખ્યત્વે સમાવેશ કર્યો. પ્રો. મૌલાબક્ષને બોલાવી સંગીતોદ્ધાર માટે રાજ્યાશ્રય હેઠળ પ્રથમ 'છોકરાની ગાયનશાળા', ઇ.સ. ૧૮૮૯ના ફેબ્રુઆરીમાં પ્રયોગાત્મક રૂપમાં સ્થાપિત કરી. તેનું સુકાન મૌલાબક્ષના હાથમાં સુપ્રત કર્યું. આ ગાયનશાળા સ્થાપવાના મુખ્ય સિદ્ધાંતો આ પ્રમાણે હતા.

(૧) "ગાયનનું જ્ઞાન એક આભૂષણ તરીકે આપવું."
(૨) "લોકોમાં ગાયનની અભિરુચિ પેદા કરવી."
(૩) "સંગીત અને સંગીતાશાસ્ત્રનું પુનરુજ્જીવન કરવા તજવીજ કરવી."

"અજમાયશની મુદત પુરી થતાં, કુશળ ગૃહસ્થોની કમિટી નીમી પરીક્ષા લેતા. પરિણામ સંતોષકારક જણાયુ" અને સંગીતશાળા ચલાવવાની કાયમની વ્યવસ્થા કરી આપવામાં આવી. તેમના હાથ નીચે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તૈયાર થયેલા કેટલાક કુટુંબીજનો તથા શિષ્યોને પણ શિક્ષક તરીકે રોકવામાં આવ્યા. વાજિંત્રોની મજૂરી આપવામાં આવી. બે જ વર્ષમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધીને (સો)૧૦૦ સુધી પહોંચી.

શિક્ષણક્ષેત્રમાં પુસ્તકોની જરૂર જણાયાથી મૌલાબક્ષે સરકારહુકમથી પુસ્તકો લખ્યાં, જે રાજ્યખર્ચે પ્રસિદ્ધ થયા. ઇ.સ. ૧૮૮૮માં સંગીતાનુભવ (પ્રથમદર્શન) લેખનવિધિપૂર્વક પ્રસિદ્ધ કર્યું જેમાં સંગીતશાસ્ત્ર અને સ્વરલેખનપદ્ધતિનું વિવરણ કરેલું છે. તે જ વર્ષમાં (૧) મુર્તજાખાં મૌલાબક્ષકૃત–'સંગીતશાળામાં ચાલતી ગાયનની ચીજોનું પ્રથમ પુસ્તક,' (૨) અલાઉદ્દીન મૌલાબક્ષકૃત–'સિતારશિક્ષક' અને (૩)ઉસ્માનખાં કૃત તાલપદ્ધતિ (લેખનવિધિપૂર્વક) આ ત્રણ ગ્રંથો પ્રસિદ્ધ કર્યા.

કુલીન સ્ત્રીઓમાં સંગીત પ્રત્યે સ્વાભાવિક અભિરુચિ અને કંઠમાધુર્ય હોવા છતાં સમાજમાં તે નિંદ્ય ગણાતું હોવાથી તેમને માટે નિષિદ્ધ ગણાતું હતું. આ પરિસ્થિતિ ધ્યાનમાં રાખીને તથા "ગુજરાતી સ્ત્રીઓમાં ગાવાનો પ્રચાર વિશેષ છે. નવરાત્રિમાં તેઓ પોતાની કુશળતા જાહેરમાં મૂકે છે; તથા લગ્નાદિ પ્રસંગે તેઓ અનેક તરેહનું ગાણું ગાય છે. ××× એમાં તાલમાત્રાદિનું જ્ઞાન ઉમેરાય અને ખરા તાલસૂરનૂ જ્ઞાન ઉમેરાય તો તે ગાયન થઇ રહે. આવી જાતની સુધારણા કરવામાં સૌ એક મત થયા વગર રહેશે નહીં. "ઇત્યાદિનો ખ્યાલ રાખીને, મૌલાબક્ષે પોતે તૈયાર કરી ઇ.સ. ૧૮૯૧માં "બાલા સંગીતમાલા" પુસ્તક પહેલુ, ગુજરાતી અને મરાઠી ભાષામાં પ્રસિદ્ધ કર્યું, જેમાં ખાસ કરીને ભજન. ઇશ્વરસ્તુતિ, લલિત, તોટક વગેરે છંદ, નર્મદાષ્ટક ઇત્યાદિ સ્વર લેખનપૂર્વક આપેલાં છે, અને તે જ દૃષ્ટિથી ઇ.સ. ૧૮૯૨માં ગીતાનુસાર છંદોમંજરી નામનું પુસ્તક તેઓએ પ્રસિદ્ધ કર્યું. આમાં દરેક પ્રાચીન તથા અર્વાચીન છંદમાં એક એક ચરણ સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, મરાઠી, ચારે ભાષામાં લઇ સ્વરલેખનમાં ઉતાર્યાં છે. લગભગ ઇ.સ. ૧૮૯૦–૯૧ના અરસામાં જ પાટણમાં એક બીજી ગાયનશાળા તથા વડોદરામાં મરાઠી કન્યાશાળામાં નં.૧ ને ગુજરાતી કન્યાશાળા નં.૧માં કન્યા ગાયનવર્ગો ઉઘાડવામાં આવ્યા હતા. આ પ્રમાણે સંગીતનો પ્રચાર શિક્ષણથી વધતો ગયો. ઇ.સ. ૧૮૯૩ અને ૧૮૯૪માં પ્રેમાનંદકૃત "નરસિંહ 'મહેતાનું મામેરૂ' અને 'ભગવંત ગરબાવલી' પ્રસિદ્ધ કર્યો. તે જ વર્ષમાં એટલે કે ઇ.સ. ૧૮૯૪માં ગાયનશાળામાં ચાલતી ચીજોના ક્રમિક પુસ્તક એકથી છ ભાગોમાં બનાવી પ્રસિદ્ધ કર્યાં. આ પ્રમાણે પુસ્તકો રચીને તથા શિક્ષણરૂપે વહેતું મૂકીને સંગીતને આખા મુંબઇ ઇલાકામાં ઘેર ઘેર ગવાતું કરી મૂકયું હતું.

તેઓના શિષ્ય વર્ગમાંથી વિઠ્ઠલ ગણેશ જોષી અને કૃષ્ણરાવ ભીમરાવ ચિત્રેએ મળી મુંબઇમાં The Bombay Maulabux Music School ઉઘાડી, કેટલાક પુસ્તકો પણ મૌલાબક્ષ પદ્ધતિએ તૈયાર કરી પ્રસિદ્ધ કર્યા હતાં.

જીવનપર્યંત જેણે સંગીતસાધના અને પ્રચારનું કાર્ય ખેડયું છે, જેણે સંગીતને ગૃહસ્થ અને કુલીન ઘરોમાં પ્રવેશ કરાવ્યો છે અને જેણે પોતાના પછીના પન્થીઓને માર્ગદર્શન આપ્યું છે તેવા સંગીતદૂત સમા પ્રો. મૌલાબક્ષે ઇ.સ. ૧૮૯૬ના જુલાઇની ૧૦મી તારીખે આ ફાની દુનિયાથી વિદાય લીધી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Vocal Recital Given At
RANG BHANVAN Bombay
In 1956

Vocalist : Pt. Shivkumar Shukla
Tabla : Ustad Karamatulla Khan
Sarangi : Pt. Ramnarayanji
Harmonium : Shri Belari

Pt. SHIVKUMAR AT LIVE CONCERT



Vocal Recital At
Swar Vilas Vadodara
In 1978

Vocalist : Pt. Shivkumar Shukla
Tabla : Shri Madhukar Gurav
Harmonium : Shri Vyanktesh Tandale
Tanpura : Shri Dwarkanath Bhonsale
and Shri Anil Vaishnav

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

Bindoo (0265) 550[illegible]3